૯

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને સુધારેલ બજેટ જોગવાઈ પ્રમાણે ૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.
વર્ષ ૨૦૨૦-૨૧

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃવવજ/૧૦૨૦૧૭/૮૪૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૫/03/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦-૦૫-૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃબજટ/ ૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮-૦૭-૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃવવજ/ ૧૦૨૦૧૯/૬૫૪૨૮૨/ન.બા.૪૭/અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯-૦૯-૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃવવજ/ ૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮-૦૨-૨૦૨૧ નો ઠરાવ ક્રમાંકઃવવજ/ ૧૦૨૦૧૭/૮૪૫/અ.૧

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૨/03/૨૦૨૧નો પત્રક્રમાંકઃ વિજાક/બો.નિ./ ૨૦૨૦-૨૧/૩૭૧

આમુખઃ-

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે કચેરીના વહીવટી ખર્ચ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષના અંદાજપત્રમાં રૂ.૭૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ જે અન્વયે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી આ ગ્રાન્ટની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. તેના અનુસંધાને વંચાણે લીધેલા ક્રમાંક(૩) પરના ઠરાવથી નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૨૩.૩૩ લાખની તથા વંચાણે લીધેલા ક્રમાંક (૪) પર ઠરાવથી બીજા અને ત્રીજા હપ્તા પેટે બાકીના રૂ.૪૬.૬૭ લાખની વહીવટી ગ્રાન્ટ નિગમને હવાલે મૂકવા માટે મંજુરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના ઠરાવથી ઉક્ત

નિગમને જાગૃતિ શિબિર માટે રૂ.૧૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના સુધારેલા અંદાજોમાં નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૮૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, નિયામકશ્રી(વિ.જા.ક.)એ વંચાણે લીધેલા ક્રમાંક (૫) પરના પત્રથી બાકી રહેલ રૂ.૦૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા માટે દરખાસ્ત કરેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૦-૨૧ના સુધારેલા અંદાજોમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૮૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી બાકી રહેતી રૂ.૦૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) સને ૨૦૨૦-૨૧ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૩) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુ.જાતિઓ,અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦ સામાન્ય, ગૌણ સદરઃ ૧૦૧ વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ, પેટા સદરઃ ૨૦ ડીએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૨૩/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(વિષ્ણુ પટેલ)
**નાયબ** સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૪) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી:, ગાંધીનગર
(૬) સેકશન અધિકારીશ્રી(અ/બજેટ શાખા/કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સિલેકટ ફાઇલ-૨૦૨૧